<u>**ફોજદારી કેસ નં. : ૭૦૭/૨૦૧૩**</u>

## –: અંક–૧ લગત હુકમ :–

**૧.** આજ રોજ કેસ રૅકર્ડને ઘ્યાને લેતાં, ભારતીય દંડ સંહિતાની કલમ –૧૮૬ નાં ગુના અંગેનું ચાર્જશીટ રજૂ કરવામાં આવેલ છે

**૨.** ગુજરાત સ્ટેટ લીગલ સર્વીસીસ ઑથૅારીટીએ પરિપત્ર દ્વારા સ્પેશિયલ સીટીગનું આયોજન કરી, કેસોનો નિકાલ કરવાનું જણાવવામાં આવેલ છે. આ સબંધે નામ.ગુજરાત હાઈકોર્ટનો પત્ર નંબર ડી/૨૯૧૭/૨૦૦૬ તા:૨૭/૦૪/૨૦૦૬ ઘ્યાને લેતા નીચેના ચુકાદા ઘ્યાને લીધો.

(૧) ૧૯૯૭(૩) જી.એલ.આર.–૧૯૪૬
સ્ટેટ ઓફ ગુજરાત વિ. ગોરધનભાઈ ચંદુભાઈ પટેલ

(૨) ૨૦૦૨(૨) જી.એલ.આર.૧૫૪૯
પી.આર.રાવ વિ. સ્ટેટ ઓફ કર્ણાટક

આ તબકકે ફોજદારી કાર્યરીતિ સંહિતા કલમ–૨૫૮ વંચાણે લેવી જરૂરી છે. જે નીચે મુજબ છે.

<u>**કલમ : ૨૫૮, કેટલાંક કેસમાં કાર્યવાહી બંધ કરવાની સત્તા :–**</u>

**ફરિયાદ પરથી દાખલ થયેલા હોય** તે સિવાયનાં કોઈ **સમન્સ–કેસ**માં પ્રથમ વગના મેજિસ્ટ્રેટ અથવા ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટની પૂર્વમંજૂરીથી અન્ય કોઈ જયુડીશીયલ મેજિસ્ટ્રેટ, ચુકાદો ઘોષિત કર્યા સિવાય તેનાં કારણો નોંધીને **કોઈ પણ તબકકે કાર્યવાહી બંધ રાખી શકશે** તથા મુખ્ય સાહેદોનો પુરાવો નોંઘ્યા બાદ આવી કાર્યવાહી બંધ રાખવામાં આવી હોય, તો નિર્દોષ ઠરાવી મુકત કરતો ચુકાદો ઘોષિત કરી શકશે તથા અન્ય કોઈ કિસ્સામાં આરોપીને છોડી મૂકશે તથા આવા છૂટકારાથી બિનતહોમતે મકત કરવામાં આવે, તેવી અસર થશે.

**૩.** સદર કામે આરોપી સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૧૮૬ નાં ગુના અંગેનું ચાર્જશીટ રજૂ કરવામાં આવેલ છે તેમજ રૅકર્ડ ઘ્યાને લેતાં, ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૧૫૪ અન્વયે પ્રથમ બાતમી અહેવાલ નોંધી, કાર્યવાહી કરવામાં આવેલ છે.

જેનાં અનુસંધાને ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૧૯૫ ધ્યાને લેવાની થાય. ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૧૯૫(૧)(ક)(૧) ધ્યાને લેતાં, ભારતીય દંડ સંહિતાની કલમ –૧૭૨ થી ૧૮૮ હેઠળ સજા પાત્ર કોઈ પણ ગુનાનું કૉગ્નીઝન્સ જયાં સુધી તે અંગેની ફરિયાદ, સંબંધિત જાહેર નોકર અથવા વહીવટી હેતુ માટે જેને આધિન હોય, તેવો અન્ય કોઈ જાહેર નોકર દ્વારા કરવામાં ન આવે, ત્યાં સુધી લઈ શકાય નહિ. જેની સાથે ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૨૮ (ડી) ધ્યાને લેતાં, ફરિયાદની વ્યાખ્યામાં પોલીસ અહેવાલનો સમાવેશ થતો નથી. સદર બાબત ધ્યાને લેતાં, ભારતીય દંડ સંહિતાની કલમ–૧૮૬ મુજબનાં ગુનાનું સંજ્ઞાન પોલીસ અહેવાલનાં આધારે લઈ શકાય નહિ. સદર કામે ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૨(ડી) મુજબની કોઈ ફરિયાદ રજૂ કરેલ નથી. જો સદર કામે કોઈ ફરિયાદ પક્ષનાં તમામ સાહેદોની જુબાની નોંધવામાં આવે અને ટ્રાયલ ચલાવવામાં આવે, તો પણ ટ્રાયલનાં અંતે ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૧૯૫ ધ્યાને લેતાં, આરોપીને સજા કરી શકાય નહિ. કારણ કે, ભારતીય દંડ સંહિતાની કલમ–૧૮૬ મુજબનાં ગુનાનું સંજ્ઞાન પોલીસ અહેવાલનાં આધારે લઈ શકાય નહિ અને ફરિયાદી દ્વારા ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૨–ડી અન્વયેની વ્યાખ્યા અન્વયે ફરિયાદ કરેલ નથી. આમ, સદર કામે જે અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ–૧૮૬ મુજબનું સદર કામ બંધ કરવા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી. જેથી, નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–: હુ ક મ :–**

હાલનાં કેસની ઈન્સાફી કાર્યવાહી, ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૨૫૮ હેઠળ "બંધ રાખી", આરોપીને છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી, મારી સહી તથા આ અદાલતનો સિક્કો કરીને જાહેર કર્યો.

**તા.૧૦/૦૨/૨૦૧૮.**
**મુ. અમદાવાદ.**

**(અરવિંદકુમાર શિવપ્રસાદ પાંડે)**
**ઍડિ. ચીફ મૅટ્રોપોલીટન મૅજિસ્ટ્રેટ,**
**કૉર્ટ નં.૯, અમદાવાદ.**
**Unique Code No. GJOO854.**

**Prakash B. Patel, P.A.**